(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | **માગધી** | **પાઠ** |
|---|---|---|
| ૧. પોતે કર્મોથી મુક્ત થયેલા | **મુત્તાણં** | **સામાયિકનો સાતમો પાઠ** |
| ૨. કપટના શલ્યથી | **માયા સલ્લેણ** | **ચોથું શ્રમણસૂત્ર** |
| ૩. અતિચારોનું | **અઇયારસ્સ** | **પાંચમું શ્રમણસૂત્ર** |
| ૪. પાટિયું – પાટ આદિ | **ફલગ** | **બારમું વ્રત** |
| ૫. પરિચય કરવો | **સંથવો** | **પ્રતિક્રમણનો પાંચમો પાઠ** |

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. સાતમા વ્રતમાં કેટલા બોલની મર્યાદા કરવાની છે? તેમાંથી પરિભોગના બોલ કેટલા? કયા કયા? (૪)

**જ. ૨૬. ૬. ૧. ઉલ્લણિયા વિહિં, ૭. વત્થ વિહિં, ૧૦. આભરણ વિહિં, ૨૨. વાહણ વિહિં, ૨૩. ઉવાણહ વિહિં, ૨૪. સયણ વિહિં.**

૨. મુનિ જીવનના સેમ્પલનું વ્રત કયું? આ વ્રતમાં કેટલા નિયમો લેવામાં આવે છે? કેટલી કોટિ છે? અહોરાત્રિ એટલે શું? (૨)

**જ. દશમું. ૧૪ નિયમ. દ્રવ્યાદિકની મર્યાદાની બહાર – ૬, દ્રવ્યાદિકની મર્યાદાની અંદર – ૩. ૧ દિવસ ૧ રાત.**

૩. સાવધયોગ કોને કહે છે? (૧)

**જ. ૧૮ પાપની પ્રવૃત્તિને.**

**(ગ) માત્ર સંખ્યા લખો.** **(૩)**

| | **જવાબ** | | **જવાબ** |
|---|---|---|---|
| ૧. બાહ્ય પરિગ્રહ | ૯ | ૨. જ્ઞાનના અતિચાર | ૧૪ |
| ૩. ઉત્તમ | ૪ | ૪. ઘાતી કર્મ | ૪ |
| ૫. પરિષહ | **૨૨** | ૬. શ્રાવકની પ્રતિમા | **૧૧** |

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શિયાળા અને ઉનાળામાં ભગવાન શું કરતા હતા? (૨)

**જ. શિયાળામાં છાયામાં બેસીને ધર્મધ્યાન કરતા હતા. ઉનાળામાં સૂર્યની સામે ઉત્કટ આસને બેસતા હતા અને આતાપના લેતા હતા.**

૨. ભગવાને લાઢ દેશમાં કેટલો સમય વિચરણ કર્યું? કઈ ભૂમિમાં વિચર્યા? (૧.૫×૨)

**જ. છ મહિના જેટલો સમય. લાઢ દેશની વજ્રભૂમિ અને શુભ્રભૂમિ.**

૩. ભગવાન કયા દોષોથી રહિત આહાર – પાણીની ગવેષણા કરતા હતા?

**જ. ઉદ્‌ગમના, ઉત્પાદનના અને એષણાના.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ત્રસ જીવ કેટલા પ્રકારના છે? કયા?

**જ. ત્રણ. તેજસ્કાયિક, વાયુકાયિક, ઉદાર (સ્થૂલ) – ત્રસ પ્રાણી.**

૨. પ્રયોગ પરિણત અને વૃત્ત એટલે શું?

**જ. પ્રયોગ પરિણત – જીવના વ્યાપારથી બનેલા હોય તે. જેમ કે – ઘડો, જીવનું શરીર વગેરે.**
**વૃત્ત – જે વિમાન ગોળાકારે છે. કમળની કર્ણિકાના આકારે છે.**

૩. દેવો મેઘ જેવી ગર્જના ક્યારે કરે?

**જ. ૧. વૈક્રિય રૂપ કરે ત્યારે, ૨. પરિચારણા કરે ત્યારે, ૩. તથારૂપના શ્રમણ–માહણને પોતાની ઋદ્ધિ, દ્યુતિ, યશ, શારીરિક બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ બતાવતા હોય ત્યારે.**

૪. સ્થવિર એટલે શું? તેમના માત્ર નામ લખો.

**જ. દીર્ઘ દીક્ષાપર્યાયવાળા. સંયમમાં સ્થિર હોય અને જે સંયમથી ડગતાને સ્થિર કરે તે. જાતિ સ્થવિર, શ્રુત સ્થવિર, પર્યાય સ્થવિર.**

૫. ભગવાન મહાવીરના શિષ્યો કેવા હતા?

**જ. જિન નહિ પણ જિન સરીખા અર્થાત્ અસર્વજ્ઞ હોવા છતા સંપૂર્ણ સંશયોનું છેદન કરનારા તીર્થંકર સમાન, સર્વ અક્ષર સન્નિપાત, જિન ભગવાન સમાન અવિતથ વ્યાખ્યાન આપનાર હતા.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રાજગૃહ નગરમાં કયો ચોર રહેતો હતો? તેણે બાળકનું શું કર્યું?

**જ. વિજય ચોર. ચોરે દેવદત્તના અલંકારો જોઈ, તેને ઉઠાવી લીધો. ઓઢવાના કપડાથી છૂપાવી દીધો. પછી તૂટેલા કૂવા પાસે લાવીને બાળકને મારી નાંખ્યો. તેના અલંકારો ઉતારીને તેના મૃતદેહને તૂટેલા કૂવામાં નાંખી દીધો.**

૨. વિજય ચોર જેવી દશા કોની થાય?

**જ. જે સાધુ–સાધ્વી આચાર્ય, ઉપાધ્યાય પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી, સાધુત્વની દીક્ષા અંગીકાર કરીને વિપુલ ધન, મણિ, સોનું અને રત્ન આદિ વિપુલ વૈભવમાં લુબ્ધ થાય તો વિજય ચોર જેવી દશા થાય છે.**

૩. ધર્મોપદેશ સાંભળી ધન્ય સાર્થવાહે શું કીધું? પછી તેમણે શું કર્યું?

**જ. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, પાલન કરવા ઉદ્યમવંત થયો છું. પછી તેમણે દીક્ષા લઈ ઘણા વર્ષો સુધી શ્રમણધર્મનું પાલન કર્યું. ભોજનના પ્રત્યાખ્યાન કરી ૧ માસની સંલેખણા કરી.**

૪. ઉદકજ્ઞાતા કઈ નગરીની વાત છે? ચૈત્યનું નામ શું? ત્યાંના યુવરાજ કોણ? ખાઇ ક્યાં હતી?

**જ. ચંપાનગરી. પૂર્ણભદ્ર. અદીનશત્રુ. ઈશાન ખૂણામાં.**

૫. પ્રધાને રાજાને અભૂતપૂર્વ જિનવાણીની કઈ વાતો સમજાવી? તે સાંભળી જિતશત્રુ રાજાએ શું કર્યું?

**જ. ચાર મહાવ્રત – વ્રતરૂપ ધર્મનું નિરૂપણ કરાવ્યું. જીવ કેવી રીતે કર્મબંધ કરે છે? કેવી રીતે કર્મથી મુક્ત થવાય છે? વગેરે વાતો વિગતથી સમજાવી. તે સાંભળી ૧૨ વ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. કામદેવે કયા તપથી આત્માને ભાવિત કર્યો?

**જ. ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, અટ્ઠાઈ, અર્ધમાસક્ષમણ, માસક્ષમણ આદિ તપ દ્વારા આત્માને ભાવિત કર્યો.**

૨. દેવે કામદેવ શ્રાવકને શું કહ્યું?

**જ. હે કામદેવ ! આપ ધન્ય છો, હે દેવાનુપ્રિય ! આપ પુણ્યવાન છો, કૃતાર્થ છો, આપના શરીરના લક્ષણો શુભ છે, મનુષ્યજન્મ અને જીવન આપે સફળ કરેલ છે, આપ મહાન પુણ્યાત્મા છો. આપને નિર્ગ્રંથ પ્રવચનમાં પૂર્ણ દ્રઢતા, નિષ્ઠા, શ્રદ્ધા તથા રુચિ છે.**

૩. દેવ રૂપી હાથીનું વર્ણન કરો.

**જ. સાત અંગ જમીનને સ્પર્શતા હતા, આમ તે સાત અંગધારી હતો. તે નશાથી મદોન્મત્ત અને શ્રાવણના વાદળની જેમ ગંભીર ગર્જના કરતો હતો. મન અને પવનની ગતિને જીતનાર શીઘ્ર ગતિ કરવાવાળો હતો.**

૪. કામદેવે પોતાની સોનામહોરો ક્યાં રોકેલી હતી?

**જ. ૬ કરોડ સોનામહોર નિધાનમાં, ૬ કરોડ સોનામહોર વેપારમાં, ૬ કરોડ સોનામહોર ઘરવખરી, ધાન્ય આદિ રૂપે ખજાનારૂપે રોકેલી હતી.**

૫. કામદેવ શ્રાવક અત્યારે ક્યાં છે? ત્યાંથી ક્યાં ઉત્પન્ન થશે? ક્યારે મોક્ષમાં જશે?

**જ. પ્રથમ દેવલોકે સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનના ઉત્તરપૂર્વ દિશાભાગમાં અરૂણાભ વિમાનમાં. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અનીકસેને દીક્ષા લીધા પછી તેમનું જીવન કેવું હતું? (૨×૨)

**જ. દીક્ષા લીધા પછી તેમણે સામાયિકથી લઈ ૧૪ પૂર્વનું અધ્યનન કર્યું. વીસ વર્ષ સુધી દીક્ષાનું પાલન કર્યું. અંત સમય શત્રુંજય પર્વત પર એક માસની સંલેખના દ્વારા સિદ્ધ–બુદ્ધ–મુક્ત થયા.**

૨. ભદ્દિલપુર નગરનું વર્ણન કરો.

**જ. ભદ્દિલપુર નગર ઉત્તમ નગરના બધા ગુણોથી યુક્ત તેમ જ ધન–ધાન્યથી પરિપૂર્ણ હતું. તેના ઈશાનખૂણામાં નગરની બહાર શ્રીવન નામે ઉદ્યાન હતું. તે દર્શનીય અને મનોહર હતું.**

૩. અનીકસેન કુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? તેમના માતા–પિતાનું નામ શું હતું? (૧)

**જ. ૩૨. માતા – સુલસા, પિતા – નાગ ગાથાપતિ.**

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારના પગ તપથી કેવા થઈ ગયા હતા? (૨×૨)

**જ. સૂકાયેલા વૃક્ષની છાલ હોય, લાકડાની પાદુકા હોય અથવા જીર્ણ થયેલ જૂતા હોય એવા સૂકાઈ ગયા, માંસ રહિત થઈ ગયા.**

૨. અનુત્તરોવવાઈ સૂત્રના ત્રીજા વર્ગના ૫ થી ૮ અધ્યયનના નામ લખો.

**જ. ૫. રામપુત્ર કુમાર, ૬. ચંદ્ર કુમાર, ૭. પૃષ્ઠિમાતૃકા કુમાર, ૮. પેઢાલ કુમાર.**

૩. ધન્ના કુમાર ભગવાનના દર્શન કરવા કેવી રીતે ગયા? ભગવાને કોના તપના વખાણ કર્યા? (૧)

**જ. જમાલિ કુમારની જેમ. ધન્ના અણગારના.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)**

૧. સે અગણિં **વા ઇંગાલં વા મુમ્મુરં વા અચ્ચિં વા જાલં વા અલાયં વા સુદ્ધાગણિં વા ઉક્કં વા** ન ઉંજિજ્જા ।

૨. સે અપ્પં **વા બહું વા અણું વા થૂલં વા ચિત્તમત્તં વા અચિત્તમત્તં વા, નેવ સયં અદિણ્ણં ગિણ્હિજ્જા** નેવણ્ણેહિં અદિણ્ણં

૩. ત્રસ પ્રાણીના ઉત્પન્ન થવાના કેટલા પ્રકાર છે? મૂળ પાઠ અર્થ સાથે લખો. (૫)

**જ. ૮ પ્રકારના. અંડયા – ઈંડામાંથી ઉત્પન્ન થનારા, પોયયા – પોતજ, જરાઉયા – જરાયુ સહિત જન્મનારા, રસયા–રસમાં ઉત્પન્ન થનારા, સંસેઈમા–પરસેવામાં ઉત્પન્ન થનારા, સંમુચ્છિમા–સંમૂર્ચ્છિમ, ઉબ્ભિયા–જમીન ફોડીને ઉત્પન્ન થનારા, ઉવવાઈયા – ઉપપાત જન્મવાળા દેવ અને નારકી.**

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ન અઈવાયાવિજ્જા | **હણાવીશ નહિ** | ૨. તુયટ્ટંતં | **સૂતેલા** |
| ૩. દંડગંસિ | **દંડા પર** | ૪. વિલિહંતં | **વિશેષ લખનારાને** |
| ૫. અણ્ણં | **બીજાને** | ૬. કટ્ઠેણ | **લાકડીથી** |

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)**

૧. રાખી દે – **અવણિજ્જા** ૨. બહારના પુદ્ગલોને – **બાહિરં વા વિ પુગ્ગલં** ૩. અનેક જીવયુક્ત છે – **અણેગજીવા**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મિશ્રકાળ એટલે શું?

**જ. તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંત ભવોનો તે કાળ તે જીવની દષ્ટિથી તે ગતિનો મિશ્રકાળ છે.**

૨. ચારિત્ર બીજા ભવમાં કેમ સાથે જતું નથી? તપ ઈહભવિક છે કે પરભવિક?

**જ. ગ્રહણ કરેલું ચારિત્ર જીવતા સુધી જ હોય છે. વળી અહીં અલ્પ અંશે ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય, ત્યારે વિરતિનો તદ્દન અભાવ હોવાથી ચારિત્રનો પણ અભાવ છે. તપ ઈહભવિક છે.**

૩. ઈહભવિક–પરભવિક કયા સૂત્રનો અધિકાર છે? તે કાલિક છે કે ઉત્કાલિક? અંગ છે કે ઉપાંગ?

**જ. ભગવતી સૂત્ર – શતક ૧ : ઉદ્દેશ ૧. કાલિક. અંગ.**

૪. તિર્યંચમાં સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? કયા કયા? તેનો અલ્પબહુત્વ લખો.

**જ. બે પ્રકાર. અશૂન્યકાળ, મિશ્રકાળ. સહુથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો.**

૫. સંસાર સંસ્થાનકાળના પ્રકાર લખો.

**જ. ચાર, નૈરયિક સંસાર સંસ્થાનકાળ, તિર્યંચ સંસાર સંસ્થાનકાળ, મનુષ્ય સંસાર સંસ્થાનકાળ, દેવ સંસાર સંસ્થાનકાળ,**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૨૫૬ રાશિમાં પહેલા ચાર બોલનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા આયુષ્યના બંધક, તેથી અપર્યાપ્તા સંખ્યાતગુણા, તેથી સુપ્ત સંખ્યાતગુણા, તેથી સમુદ્‌ઘાત કરવાવાળા સંખ્યાતગુણા.**

૨. સુપ્ત જીવો અને જાગૃત જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પ બહુત્વ લખો.

**જ. ૪ ઢગલા અને ૨૫૨ ઢગલા. સુપ્ત ઓછા જાગૃત વધારે. સર્વથી થોડા સુપ્ત તેથી જાગૃત સંખ્યાતગુણા.**

૩. ચારે દેવ – દેવીમાંથી નીકળેલા ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

**જ. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવમાંથી નીકળેલા ૧૦, વૈમાનિક દેવમાંથી નીકળેલા ૧૦૮. ભવનપતિ, વાણવ્યંતર, દેવીમાંથી નીકળેલા ૫, જ્યોતિષી, વૈમાનિક દેવીમાંથી નીકળેલા ૨૦.**

૪. પાંચ સમય સુધી જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય? પ્રત્યેક બુદ્ધ, અધોદિશામાંથી ઉ. કેટલા સિદ્ધ?

**જ. જઘન્ય – ૬૧ અને ઉત્કૃષ્ટ – ૭૨. પ્રત્યેક બુદ્ધ – ૧૦, અધોદિશામાંથી – ૦.**

૫. ૩૩ બોલમાંથી ચોથા દેવલોકથી સાતમા દેવલોક સુધીનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા સાતમા દેવલોકના દેવ, તેનાથી છઠ્ઠા દેવલોકના દેવ સંખ્યાતગુણા, તેથી પાંચમા દેવલોકના દેવ સંખ્યાતગુણા, તેથી ચોથા દેવલોકના દેવ સંખ્યાતગુણા.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્રમાં પાંચમા સૂત્ર સુધી કયા વિષયોનું સંકલન છે? ૨૬ મા સમવાયમાં શેનું વર્ણન છે?(૨)

**જ. એકની સંખ્યાથી પાંચ સંખ્યા સંબંધી. ત્રણ છેદ સૂત્રના ૨૬ ઉદ્દેશનકાળ આદિ.**

૨. બીજા ઉપાંગ સૂત્રનું નામ શું છે? શા માટે? (૧×૩)

**જ. રાયપસેણીય. એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે.**

૩. પરદેશી રાજા કયા મતને માનવાવાળા હતા? આ સૂત્રમાં કેટલા પ્રશ્ન છે?

**જ. અક્રિયાવાદી. ૧૦.**

૪. ઉપાંગ સૂત્રની ગાથા કેટલી? પાખંડીના મત કેટલા?

**જ. ૨૦૭૮ ગાથા. ૩૬૩.**